રાધિકા જવેલર્સ

ખંભાત મા 10 વર્ષ પહેલા નો સૌપ્રથમ હોલમાક દાગીના ચાલુ કરતો શો રૂમ છે. જે ચાંદી માં પણ હોલમાર્ક ચાલુ કરેલ છે. જેમાં ચાંદી ના હોલમાર્ક વાળા દાગીના ખરીદયા પછી નવા લો ત્યારે ફક્ત મજુરી આપવાની રહેશે અને સોનાના દાગીના માં 10 ગ્રામ ઉપર ના દાગીના લો ત્યારે ઇનસોરન્સ (વીમો) મફત મલશે. દાગીના નું પાકુ બિલ મલશે અને સોનાના દાગીનાની બાય બેક ની ગેરેન્ટી વાળું કાડ પણ મળશે સોના ચાંદી ના દાગીના હોલમાર્ક વાળા ફક્ત મજુરી લઈ બદલી આપવામાં આવશે.

રાધિકા જવેલર્સ

યુનિયન બેંક સામે

ઝંડા ચોક, ખંભાત

**(M)9429543548, 9924697767**

# ડુબલીકેટે હોલમાર્કિંગ ના આવતા સમાચાર



16.25 लाख कॉपियों के साथ राजस्थान का सबसे बड़ा अख़बार

# दैनिक भास्कर

कुल पृष्ठ 24 राजस्थान मूल्य ₹ 4.00 | वर्ष 23, अंक 125, महानगर

जयपुर, गुरुवार, 25 अप्रैल, 2019 वैशाख, कृष्ण पक्ष-6, 2076 12 राज्य | 65 संस्करण

तापमान (डिग्री सेल्सियस)

| | न्यूनतम | अधिकतम | आज का अनुमान (न्यूनतम) |
|---|---|---|---|
| जयपुर | 31.7 | 41.8 | 31.0 |
| अजमेर | 27.8 | 41.5 | 28.0 |
| दिल्ली | 27.1 | 41.7 | 28.0 |
| मुंबई | 25.6 | 34.5 | 26.0 |

सबसे ठंडा शहर: गुलमर्ग जम्मू-कश्मीर 4.0 | सबसे गर्म शहर: खरगौन मध्य प्रदेश 45.6

## सोने की शुद्धता जांचने में ही खोट... दैनिक भास्कर का सबसे बड़ा स्टिंग

2 रिपोर्टर ने 5 सेंटर पर कम प्योरिटी के सोने पर ज्यादा की गारंटी की मुहर लगवाई

# फर्जी हॉलमार्किंग : लेजर मशीन से 17 कैरेट सोने को 35 रुपए लेकर 3 मिनट में बना रहे 22 कैरेट

प्रमोद कुमार शर्मा/अनुराग बासीडा | जयपुर

आप जब भी किसी ज्वैलरी शॉप पर जेवर खरीदने जाते हैं तो शुद्धता की गारंटी मांगते हैं। ज्वैलर गारंटी के बतौर हॉलमार्क की मुहर दिखाकर कह देता है कि सौ फीसदी सही है। बेफिक्र रहो। ... लेकिन सावधान। यह गारंटी ही धोखा है। हॉलमार्क का सच सामने लाने के लिए दैनिक भास्कर ने स्टिंग ऑपरेशन किया। हैरानी देखिए- 4 लाख रु. की मशीन लगाकर कुछ ज्वैलर 35 रु. से 150 रु. लेकर 17 कैरेट सोने से भी कम शुद्धता वाले आभूषणों पर 22 कैरेट की गारंटी देने वाला हॉलमार्क या इससे मिलते-जुलते निशान लगा रहे हैं। इस फर्जीवाड़े में महज 3 मिनट लगते हैं। भास्कर के रिपोर्टर्स ने जयपुर में एक हॉलमार्क व तीन लेजर मार्किंग सेंटरों से सोने की 15 अंगूठियों व चांदी के एक कड़े पर बीआईएस के लोगो समेत कई निशान लगवाए। नागौर में भी ऐसा ही है। काबिलेगौर है कि जयपुर में केवल 13 हॉलमार्किंग सेंटर हैं। करीब 25 लेजर मार्किंग सेंटर गैरकानूनी रूप से हॉलमार्किंग कर रहे हैं।

हॉलमार्किंग करने पर प्रतिबंध फिर भी कर दी चांदी-सोने के आभूषणों पर हॉलमार्किंग

(पढ़ें पेज-8)

## शुद्ध के लिए युद्ध अभियान

• जमुना ज्वैलर्स, नागौर

भास्कर रिपोर्टर नागौर के जमुना ज्वैलर्स पर पहुंचा। कहा- हमें हॉलमार्किंग करवानी है। दुकान पर बैठे युवक ने पहले कुछ देर सोच-विचार के बाद कहा- कर देंगे। पैसे लगेंगे। पूछा कितने तो बोला- 50 रुपए। फिर उसने सोने की एक अंगूठी पर बिना सोने की शुद्धता जांचे बीआईएस का लोगो, 22 कैरेट, 916 व ज्वैलर का नाम अंकित कर दिया। इस ज्वैलर्स के पास हॉलमार्किंग सेंटर चलाने का लाइसेंस नहीं है। धड़ल्ले से यह हॉलमार्क करने के काम को अंजाम दे रहा है। हॉलमार्किंग करने के लिए बीआईएस से लाइसेंस लेना जरूरी है और बीआईएस किसी ज्वैलर को यह लाइसेंस देता ही नहीं है।

एमएस लेजर सॉल्डिंग • गंगामाता का रास्ता, जयपुर

रिपोर्टर ने खुद को दूसरे शहर का ज्वैलर बताया। 17 कैरेट से कम सोने की अंगूठी पर 22 कैरेट की हॉलमार्किंग करने को कहा। सेंटर मालिक बोला- पहले तो लगा देते थे, अभी लफड़ा है। हॉलमार्क के तहत लगने वाले चार में से दो निशान लगा दूंगा। उसने 50 रुपए लिए और 70% सोने यानी 17 कैरेट की शुद्धता वाली अंगूठी पर 22 कैरेट यानी 916 मतलब 91.6% सोने की शुद्धता का निशान और ज्वैलर के नाम का ठप्पा लगा दिया।

## जिनके पास लाइसेंस ही नहीं, वे लगा रहे बीआईएस की मुहर

• एसके हॉलमार्किंग एसेइंग सेंटर, बोरड़ी का रास्ता, चौड़ा रास्ता

यह बीआईएस से लाइसेंसशुदा हॉलमार्क सेंटर है। रिपोर्टर सेंटर पर 17 कैरेट सोने की तीन अंगूठियां लेकर हॉलमार्क कराने पहुंचा। रिपोर्टर के पास हॉलमार्क ज्वैलरी बेचने का ना ही लाइसेंस है, ना ही कोई दुकान। सेंटर ने 150 रुपए लेकर 7 मिनट में 17 कैरेट सोने की तीनों अंगूठियों पर बीआईएस का लोगो, सोने की शुद्धता 916 तथा ज्वैलर का नाम एमजे अंकित कर दिया। इसने आभूषणों में ना सोने की शुद्धता जांची और ना ही ज्वैलर का लाइसेंस मांगा। इसने किसी भी संभावित कार्रवाई से बचने के लिए अंगूठी पर अपने सेंटर का नाम नहीं लिखा, जो हॉलमार्क के नियमों के तहत लिखना जरूरी होता है।

• एसएस लेजर हाउस • जौहरी बाजार, गंगामाता का रास्ता

सेंटर पर रिपोर्टर गया। बोला- इस आभूषण पर हॉलमार्किंग करनी है। सेंटर मालिक ने ज्यादा किसी बातचीत के 35 रुपए लेकर मात्र तीन मिनट में अंगूठी पर 22 कैरेट का निशान यानी 916 अंकित कर दिया। जबकि आभूषण में सोना केवल 17 कैरेट था। दूसरे निशान लगाने के बारे में ज्यादा बातचीत नहीं की। रिपोर्टर ने कोशिश की कि वह दूसरे निशान भी आभूषण पर लगा दे लेकिन सेंटर वाले ने कहीं और जाने को कह दिया।

### ऐसे लगाते हैं खोटी मुहर


लेजर मार्किंग मशीन 4 लाख रु. की है। अधिकतम 15 लाख तक। चीन से भी आयात हो रही है। मशीन को कम्प्युटर से जोड़कर बनाई इमेज या शब्द या अंकों को लेजर किरणों से धातु की वस्तुओं पर उकेरा जा सकता है। लाइसेंस जरूरी नहीं। इसके जरिए आभूषणों पर बीएसआई का लोगो नहीं लगा सकते, ना ही शुद्धता अंकित कर सकते।

### बिना लाइसेंस हॉलमार्किंग करना कानूनी अपराध

बीआईएस से बिना लाइसेंस आभूषणों पर हॉलमार्किंग करना अपराध है। ऐसे सेंटरों पर बीआईएस कार्रवाई करता रहता है। अभी दिल्ली में भी ऐसे सेंटरों पर रेड की गई थी। ऐसे में मामलों में बड़े आर्थिक दंड के साथ सजा का प्रावधान है।
जीके गुप्ता, कौंसिलर हॉलमार्क बीआईएस

# આ ચેન માં 916 હોલમાર્ક છે પણ સોનું ૫ % જ છે




nery
GOLD FINENESS
5.05
%

# ડુબ્લીકેટ સોના વિશે ના સમાચાર

સબકી ખબર લે.. સબકો ખબર દે..
સમકાલીન
ગ્રુપ એડિટર : રાજુભાઈ શાહ
મો. ૯૮૭૯૫ ૮૮૩૮૩
www.samkalinrajkot.com

## કૌભાંડ સમગ્ર ગુજરાતમાં ફેલાયું હોવાની શક્યતા




માણેકચોકમાં નકલી હોલમાર્કવાળા દાગીના બનાવી અને વેચાઈ રહ્યાંની બાતમીના આધારે એસ.ઓ. ગોલ્ડ પ્રા.લી. નામના શો રુમ પર દરોડો, આ પહેલા માણેક ચોકમાં જ ત્રણ જ્વેલર્સ [redacted] પર દરોડો પાડી ૩.૨ કિલો નકલી હોલમાર્કવાળા દાગીના કબ્જે કરાયા હતા, તો [redacted] પણ ઝપટે ચડી ગયું હતું, ત્યાંથી ૧.૨૫ કિલો સોનાના ઘરેણા નકલી હોલમાર્કવાળા મળી આવ્યાં હતાં.

તા.૨૬-૫-૨૦૧૮,શનિવાર

સોનું ખરીદતા પહેલા વાંચી લો આ ખાસ સમાચાર#10 જુલાઈના સમાચાર #Helo પત્રકારની કલમે🖋 #Helo ટો...

જન્મભૂમિ

## સાવધાન : પીળું એટલે સોનું નહીં

# બજારમાં આવી ગયું છે નકલી ચીની ગોલ્ડ, ઝવેરી પણ છેતરાય છે

અમારા પ્રતિનિધિ તરફથી

મુંબઈ, તા. ૬ : તમે હવે સોનું ખરીદવા જાવ તો સંભાળજો, કારણ કે પીળું એ સોનું હોતું નથી, એ ઉક્તિ સાચી હોય એમ બજારમાં હવે નકલી સોનું આવી ગયું છે.

આ નકલી સોનાને ઝવેરીઓ પણ પારખી શકતાં નથી અને આવા એક કિસ્સામાં દાગીનાનું કારખાનું ધરાવતા એક ઝવેરી પણ ફસાઈ ગયા હતા.


આ ઝવેરીએ કહ્યું હતું કે મેં દાગીના બનાવવા માટે સોનાનું બિસ્કિટ ખરીદ્યું હતું. બિસ્કિટની મેં કસોટીના પથ્થર પર ચકાસણી પણ કરી હતી અને અસલી હોવાની પરખ થઈ હતી, જ્યારે મેં આ બિસ્કિટને ગાળ્યું ત્યારે તે નકલી હોવાની ખબર પડી હતી.

આ ઝવેરીએ કહ્યું હતું કે મેં આ બિસ્કિટ બે નંબરી માર્કેટમાંથી ખરીદ્યું હોવાથી એ કોઈ પાછું લે નહીં. એટલે હવે એક-બે ગ્રામ કરીને હું એને વાપરી નાખીશ. આ નકલી બિસ્કિટ ચીની હોવાનું કહેવાય છે અને ગ્રાહકોએ હૉલમાર્કવાળા દાગીના જ ખરીદવા જોઈએ

Helo

# સોનાની ખરીદીમાં વર્ષે રૂ.૧૬૦૦૦ કરોડની ઉઘાડી 'પીળી' લૂંટ

## ચળકે છે તે બધું કદાચ સોનું ન પણ હોય



**સ્વાતિ જાની**

આ પણા દેશમાં એક વણલખ્યો નિયમ છે કે જે કોઈ ચીજવસ્તુની અછત સર્જાય, મોંઘવારી વધે તેમ એ ચીજમાં ભેળસેળનું પ્રમાણ વધે. સાથે તોલમાપમાં પણ ગેરરિતીઓ વધી જવાની. હાલ સોના-ચાંદી બાબત પણ આવું જ થઈ રહ્યું છે. સોનાનો ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂ.૧૬૦૦૦ની ઉપર જઈ રહ્યો છે. ગમે તે ઘડીએ સોનાની કિંમત રૂ.૧૭૦૦૦નો આંક વટાવે તેવી વકી છે. ત્યારે દેખીતી રીતે જ સોનાબજારમાં ઘાલમેલની પ્રવૃત્તિ પણ વધી જ ગઈ હશે.

સોનાની છેતરપિંડીમાં સોની પોતાની સગી બહેનને પણ ન છોડે. એ કહેવત કેટલી યથાર્થ હશે તે જવા દઈએ, તોયે સોના-ચાંદીના દાગીના ખરીદવામાં છેતરાઈ જવાનો ભય તો જરૂર રહે છે. સોનાચાંદીના દાગીના પહેરવા એ સદીઓથી સ્ત્રીઓનો શોખ રહ્યો છે. વળી આજકાલ અલંકારોમાં નિત્યનવી ફેશન નીકળતી હોઈ એક ઘરેણું ભંગાવી બીજું નવું પહેરવાની લાલચ સ્ત્રીઓ રોકી નથી શકતી. ઘરના પુરુષ વર્ગને ખરીદવાની ફુરસદ ન હોય તો બે-


મહિલાઓ સોનાચાંદી બજારમાં સાથે જઈ મનગમતાં આભૂષણો ખરીદી લાવે છે. એ જ્યારે વેચવાનો પ્રસંગ આવે કે કોઈ અનુભવી ઝવેરીને એ દાગીનો બતાવાય ત્યારે ખબર પડે છે કે સોના કે ચાંદીમાં ભેળસેળ થઈ છે. અને કેટલીક મિલાવટ થઈ છે. પછી પસ્તાવાનો વારો આવે છે. એટલે મહિલાઓએ ઘરેણાં ખરીદતી વખતે એકલાં ન જવું જોઇએ. કોઈ અનુભવી વ્યક્તિને સાથે લઈ જવી જોઇએ. નહીં તો ચોક્કસ છેતરાઈ જવાશે.

આપણે જાણીએ છીએ કે વિશુધ્ધ ૨૪ કેરેટના આભૂષણો તો બની જ નથી શકતા. જ્યાં સુધી ૨૪ કેરેટના સોનામાં તાંબાની થોડીઘણી પણ મેળવણી ન થાય ત્યાં સુધી દાગીનો ઘડાતો જ નથી, ચાહે એ સોનાની વીંટી હોય, બંગડીઓ હોય, અછોડો

આવે તો એ જલદી તૂટી જશે. એટલે ૨૪ કેરેટ સોનાને મજબૂત બનાવવા માટે એમાં તાંબુ, ચાંદી અથવા તો પિત્તળની ધાતુની મિલાવટ કરવી પડે છે. એ રીતે મિશ્રણ બાદ સોનું ૨૪ કેરેટ નહીં, બલકે ૨૨ કે ૨૦ કેરેટ રહે છે. આ વાત જો કે હવે તો બધા લોકો જાણે છે. એટલે ઝવેરીઓ સો ટચના સોનાની વાત હવે કરતાં નથી.

આજ વાત ચાંદીના દાગીનાને પણ લાગુ પડે છે. ચાંદીમાં પણ તાંબાની મિલાવટ થાય છે. પછી જ એ ઘડી શકાય છે.

તાજેતરમાં કન્ઝ્યુમર ગાઈડન્સ સોસાયટી ઓફ ઈન્ડિયા તથા ઈન્ડિયન સ્ટાન્ડર્ડ બ્યુરોએ અલગ અલગ રીતે કરેલાં સર્વેક્ષણમાં સોનાનાં આભૂષણો વેચતા અમુક ઝવેરીઓ દ્વારા થઈ રહેલી બેફામ છેતરપિંડીને ઉઘાડી પાડી છે. જ્વેલર્સો ગ્રાહકોને કઈ કઈ રીતે લૂંટે છે તેના સાચા ઉદાહરણો સહિત આ સંસ્થાઓએ સોનાબજારની ઊઘાડી લૂંટનો ચોકાંવનારો અહેવાલ આપ્યો છે. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા ભારતના મુખ્ય આઠ મહાનગરો દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગ્લોર, અમદાવાદ અને જયપુરમાં ગ્રાહકોની સુવર્ણ અલંકારોની ખરીદીનો સર્વે કરાવાયો હતો. આ અભ્યાસ પરથી એવું તારણ કાઢવામાં આવ્યું છે કે દર દસ ગ્રામ સોનાની ખરીદી પર ગ્રાહક રૂ.૧૦૦૦થી રૂ.૧૫૦૦ સુધીની રકમ ગુમાવે છે. આ રકમમાં ઘડામણ મજૂરી અને રેણકટની રકમનો સમાવેશ પણ થાય છે. સર્વેક્ષણ દરમિયાન એ પણ ખબર પડી હતી કે





ભેળસેળ ૩૮ ટકા જેટલી ચોંકાવનારી હતી.

ભારતમાં હાલ ત્રણ લાખ જ્વેલર્સ છે. જ્યારે સોનાનો વાર્ષિક વપરાશ ૮૦૦ ટન છે. આમ છતાં બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ પાસે દર ૧૦૦૦માંથી એક જ ઝવેરીની નોંધણી થયેલી છે. દર એક કિલો સોનાએ રૂપિયા બે લાખની છેતરપિંડીના હિસાબે ભારતનો ગ્રાહક દર વર્ષે સોનાની ખરીદીમાં

બંગડી, ચેઈન, ઈયરીંગ, પેન્ડન્ટ્સ અને બ્રેસ્લેટ વગેરેનું ટેસ્ટિંગ કર્યું હતું. આ ઘરેણામાં સોનાની શુધ્ધતા ચકાસી જોતાં જણાયું હતું હતું કે દર આઠ દાગીનામાંથી એક જ દાગીનો શુધ્ધતાની કસોટીમાં પાર ઊતર્યો હતો. ૨૨ કેરેટ સોનું કહીને ગ્રાહકોને ૧૩ થી ૧૮ કેરેટની વચ્ચેનું સોનું પધરાવતા ઝવેરીઓનો પણ તોટો નથી. મહારાષ્ટ્ર મધ્ય પ્રદેશ

દાખલા તરીકે ૨૨ કેરેટના સોનાના દસ ગ્રામ દીઠ રૂા.૧૬૦૦૦ ભાવ હોય અને આ દાગીનો ૧૮ કેરેટનો નીકળે તો ૪ કેરેટની ઓછપના કેરેટ દીઠ રૂા.૬૦૦ ગણો તો ગ્રાહકે ૨૪૦૦ રૂપિયા ગુમાવ્યા કહેવાય.

હમણા એક નવા સનસનીખેજ સમાચાર આવ્યા છે: દેશમાં દર વર્ષે કરોડો રૂપિયાના સોનાની ખરીદી થાય છે પરંતુ આભૂષણો બનાવનારાઓએ એવા રહસ્યને છૂપાવીને રાખ્યું છે કે જે ગ્રાહકોના સોનામાંના વિશ્વાસને હચમચાવી શકે છે. દેશભરના મોટી સંખ્યામાંના સોનીઓ આ કિંમતી ધાતુમાં છ ટકા જેટલું ઇરિડિયમ અને રુથેનિયમ (ચળકતા પ્લેટિનમના કુળની ધાતુઓ) ભેળવે છે. શુદ્ધતાની વ્યાપક કસોટી કરવામાં આવે તો જ સોનામાં આ ધાતુઓની ભેળસેળ કર્યાનું માલુમ પડે છે.

અલબત્ત, નરમ સોનાને નક્કર બનાવવા તેમાં

> લગડી બનાવનાર એક કિ.ગ્રા સોનામાં પાંચ ટકા ઇરિડિયમ કે રુથેનિયમ ઉમેરી તેને કુલ ૧૦૬૦ ગ્રામ ભેળસેળિયું સોનું મળે જેમાંથી તે ૧૦ ગ્રામની એક એવી ૧૦૬ લગડી બનાવી શકે. અલબત્ત, આ ભેળસેળ અટકાવવાનો એક માત્ર માર્ગ હોલ માર્કિંગ છે.

કેટલીકવાર આભૂષણ ખરીદવામાં આવે, પણ એમાં ચમક અથવા તો ચળકાટ ન દેખાતાં મહિલાઓ એ અંગેની ફરિયાદ કરે છે. જવાબમાં દુકાનદાર કહેશે કે હમણાં જ પૉલિશ કરાવી આપું. આવી પરિસ્થિતિમાં પણ છેતરાઈ જવાનો ભય છે. સૌથી મોટી બાબત તો એ છે કે પૉલિશ કરતી વખતે થોડુંઘણું સોનું ખરી પડે છે. જેની તરફ સામાન્ય ગ્રાહકનું ખાસ ધ્યાન જતું નથી. પૉલિશ કરવાથી રજકણ તરીકે જે સોનું ખરે છે, એ દુકાનદારને જ મળે છે. બીજું કે એ પૉલિશ કરવાના



### સોનાના ભાવ કૂદકે ને ભૂસકે વધતા જાય છે ત્યારે એક યા બીજી રીતરસમ અજમાવી સોની-ઝવેરીઓ ગ્રાહકોને બેહાથે લૂંટે છે

ઉમેરાતાં ચાંદી અને તાંબાને બદલે ઇરિડિયમ અને રુથેનિયમ ઉમેરવામાં આવતાં નથી. એક અગ્રણી ઝવેરીએ કહ્યું હતું કે ઇરિડિયમ અને રુથેનિયમને સોનામાં ખપાવી શકાય.

સોનાનો ભાવ હાલમાં ૧૦ ગ્રામ દીઠ લગભગ રૂા. ૧૬ હજારની વિક્રમજનક સપાટીએ છે. ૨૦૦૪થી ૨૦૦૬ દરમિયાન સોનામાં આ બન્ને ધાતુની બેસુમારપણે ભેળસેળ કરવામાં આવતી હતી. જોકે, ત્રણ વર્ષ અગાઉ બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ (બીઆઈએસ) આ પ્રકારની છેતરપીંડી સામે જાગ્યો હોવા છતાં હજુ પણ ભેળસેળ કરવાનું ચાલુ જ રહ્યું છે.

અલબત્ત, લોકોને આ બાબતે અંધારામાં રાખવામાં આવ્યા છે. હકીકત એ છે કે ભારતમાં બનતાં સોનાનાં માત્ર ૪૬ ટકા ઘરેણાંને હોલમાર્ક લગાવવામાં આવેલ છે. શુદ્ધતાની કસોટી માટે ઉપયોગમાં લેવાતા એક્સ આર એફ મશીનમાં ઇરિડિયમ અને રુથેનિયમને ઓળખી કાઢવાની વ્યવસ્થા ન હતી અને તેથી પરિસ્થિતિ વધુ વણસી હતી. મુંબઈના એક હોલમાર્કિંગ સેન્ટરના સભ્યએ જણાવ્યું હતું કે આ બાબતને ધ્યાનમાં લેતાં ૨૦૦૧

પૈસા અલગ લે છે. ગ્રાહક એ સહર્ષ ચૂકવે પણ છે. કેમ કે વગર પૉલિશે આભૂષણમાં ચમક નથી આવતી.

ક્યારેક એવું પણ બને છે કે પૉલિશ પછી આભૂષણની ગુણવત્તામાં પણ ફરક પડે છે. જો ગ્રાહક આ બાબતે સતર્ક ન હોય કે એને સોનાની પરખ ન હોય તો એને પૉલિશ બાદ નકલી કે બનાવટી ચીજ પણ પકડાવી દેવામાં આવે છે. આનાથી બચવાનો એક જ ઉપાય છે કે દાગીનો પૉલિશ કરાવતા પહેલાં જે રીતે જોયો હતો એજ મુજબનો હોય એની ખાતરી પણ કરી લેવી જોઇએ. મતલબ કે પૉલિશ પછી આભૂષણનું માત્ર વજન જ નહીં, બલકે એની ગુણવત્તા પણ ચકાસી લેવડાવવી જોઇએ. ચાલાક સોની ભલાભોળાં ગ્રાહકોને બીજી ઘણી રીતે બેવકૂફ બનાવી શકે છે.

કેટલીકવાર કોઈ આભૂષણને ઝારવામાં આવે છે. એ ઝારણ તાંબા કે ચાંદીનું હોય છે, જ્યારે પૈસા સોનાના વસૂલ કરવામાં આવે છે. આવું જ મીનાકારી માટે બને છે. મીનાકારી માટે મીનાને બદલે સસ્તા પથ્થરોનો ઉપયોગ થાય છે. પરંતુ જ્યારે બિલ બનાવાય છે ત્યારે ઝવેરી મીનાના પૈસા અલગ લે છે. મતલબ કે પથ્થરો પણ સોનાના ભાવે ખરીદવા પડે છે. મીનાકારીના ઘરેણાં ખરીદતી વખતે ભાગ્યે જ કોઈ ઝવેરી તમને સોનાનું અલગ વજન કરીને કહેશે. બાકી મીનો ચઢાવ્યો હોય એ લાખ માટે પણ સોનાની કિંમત ચૂકવવી પડે છે.

મુંબઈના એક યુવાન ઝવેરીએ જણાવ્યા મુજબ

# હોલમાર્કવાળા સોનાના દાગીના જ લેવાનો આગ્રહ રાખો



**તમારો અધિકાર**

■ રીના બ્રહ્મભટ્ટ

**અમીર** ઘરની સ્ત્રી હોય કે, તવંગરની ઘરની પરંતુ જ્યારે તેના શોખની વાત નીકળે ત્યારે કપડાં બાદ તેઓ ઘરેણાં પર તેમની પસંદગી ઉતારશે. સ્ત્રીઓ માટે સોનું એટલે કે પીળી ધાતું સદીઓથી આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. સાંજ સજવામાં કપડાં બાદ દાગીના કે ઘરેણાં કે આભૂષણને સ્ત્રીઓ મહત્ત્વ આપે છે. લગ્ન હોય કે તહેવાર જ્ઞાતિઓમાં અને કેટલાક સુખી પરિવારોમાં બસો તોલાથી લઈને તેનાથી પણ વધારે એટલે કે કિલોની માત્રામાં સોનું અને ચાંદી લોકો વસાવતા. આજે ૧૧૮૦૦ (તા.૧૩ ઓગસ્ટના રોજ)ની આસપાસ ભાવ ધરાવતું સોનું આપણે માનીએ નહીં, પરંતુ ૧૯૨૧માં રૂ. ૨૧માં એક તોલો હતું. જોકે સમાજ માટે સારું રોકાણ ગણાતી કે મોભો દર્શાવવાનું સાધન બનતા સોનામાં વર્ષો સુધી લોકોને ખ્યાલ હતો નહીં કે, તમે જે પ્રમાણે નાણાં આપીને સોનું ખરીદવા ઈચ્છો છો તે સોનામાં તમારી સાથે કેટલીક બાબતોમાં છેતરામણી થતી હોય છે. જેમાં મુખ્યત્વે ગામડાંના ગ્રાહકો આજે પણ વધુ ને વધુ છેતરાઈ રહ્યા છે. સોનાની ખરીદી કરતી વખતે મુખ્યત્વે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ, તે અંગે કેટલીક બાબતો જોઈએ તો -



સ્ત્રીની સાજ સજ્જા આભૂષણ વિના અધૂરી જ જણાય છે અને બીજી તરફ ઘરની સમૃદ્ધિ પ્રદર્શિત કરવા પણ સ્ત્રીઓને સુખી પરિવારો વધારે દાગીના પહેરાવવાનો આગ્રહ રાખે છે. બીજી તરફ લોકો સોનાને ઇન્વેસ્ટમેન્ટ માટે પણ એક ઉત્તમ માધ્યમ તરીકે જુએ છે.

લોકોના મતે તમે કોઈ પણ સ્થાને ઈન્વેસ્ટ કરો તેના બદલે વધારે નહીં, તો થોડું ઘણું પણ ઈન્વેસ્ટમેન્ટ સોનામાં કરો તો અણીના સમયે તેના નાણાં તમને તુરત જ મળી જાય છે. તેથી માર્કેટમાં નાણાં ઈન્વેસ્ટમેન્ટના માધ્યમો ખાસ ન હતા તેવા સમયે લોકો પોતાની મિલકત બાદ સોનામાં ઈન્વેસ્ટમેન્ટ કરતાં અને તેથી જ કેટલીક

મધુબેને તેમના પુત્રના લગ્ન હોવાથી રતનપોળની એક નાની સરખી દુકાનમાંથી મજૂરી ઓછી હોવાની લાલચે સોનાના કડા ખરીદ્યા. પરંતુ લગ્નના બે વર્ષ બાદ તેમની વહુને દાગીનાની ડિઝાઈન ન ગમતાં તેમણે આ દાગીના તે જ દુકાને પાછા આપી નાણાં લેવા ગયા પરંતુ તેમની પાસે બિલ ન હોવાથી આ વેપારીએ દાગીના પરત લેવાની જ ના પાડી, તેમણે ઘણી માથાકૂટ કરી, પરંતુ વેપારીએ ન તો દાગીના પાછા લીધા કે ન બદલી આપ્યા. અંતે તેમણે આ કડા બીજા સોનીના ત્યાં વેચ્યા તો જાણીને તેમને આંચકો લાગ્યો કે, સોનું માત્ર ૧૮ કેરેટનું જ હતું. તેમણે ખરીદી કરી ત્યારે તેમણે ૨૨ કેરેટ કહીને આપ્યું હતું. જોકે બિલના અભાવે અંતે તેઓએ તેમની સાથે થયેલ છેતરામણી ચૂપચાપ સહન કરી લેવી પડી.

આ જ રીતે માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી એક ગ્રામ કે બે ગ્રામના દાગીનાનું ચલણ વધ્યું છે.

આ જોતાં રત્નાબેને પણ તેના માટે એક તોલાના ગાભાના કડા લીધા પરંતુ આ કડા છ માસમાં જ કાળા થવા લાગતાં દુકાનદારને પરત કર્યા ત્યારે દુકાનદારે તેને અડધા નાણાં આપી દીધા અને જણાવી દીધું કે ગાભાના કડામાં આ જ રીતે નાણાં પરત અપાય છે,

આ જ રીતે રમાબેને તેમની પુત્રીના લગ્નમાં ૨૫ તોલા સોનાના દાગીના ખરીદ્યા અને તેઓ શિક્ષિકા હોવાથી તેઓએ તેવો આગ્રહ રાખ્યો કે, આ દાગીના તેઓ હોલમાર્કમાં જ ખરીદે પરંતુ સોનીએ તેમને તેની દુકાનનો માર્ક લગાવી દાગીના આપી દીધા. સોનામાં થતી આવી અનેક નાની મોટી છેતરામણીથી બચવા માટે તમે જ્યારે તમારા નાણાંની અવેજમાં પૂરું વળતર મળે તેમ ઈચ્છતા હોય તો સોનાની ખરીદી કરતી વખતે આટલું ધ્યાન રાખો.

૧. સોના જેવી કીમતી ચીજ વસ્તુની ખરીદી હંમેશા રેપ્યુટેડ દુકાનમાંથી કે ઓળખીતા વેપારીને ત્યાંથી જ કરો.

૨. સોનું લેતી વખતે તે દિવસનો સોનાનો ભાવ અવશ્ય જાણી લો.

૩. સોનાનું વર્જન કરતી વખતે પૂરું ધ્યાન રાખો.

૪. સોનું કેટલા કેરેટનું છે તેની ખાતરી કરી લો.

૫. શક્ય હોય તો સોનું હોલમાર્ક બીઆઈએસ કરાવીને જ લો.

૬. બીઆઈએસ હોલમાર્ક સોનીની દુકાનનું નહીં, પરંતુ ગવર્મેન્ટ અપ્રુવ્ડ હોય તેવુ જ લો.

૭. હોલમાર્કનો ચાર્જ કોણે આપવો તે માટે કોઈ કાયદો નથી, પરંતુ ઘણા ખરા શો રૂમ્સ તેમના ખર્ચે જ હોલમાર્ક કરાવી આપે છે એટલી તેની તપાસ કરી ખરીદી કરો.

૮. હોલમાર્ક ચકાસી લેવું. કાળા કલરના ત્રિકોણમાં ૯૧૬ બીઆઈએસ લખેલ હોય છે.

૯. સોનામાં મોટાભાગે હોલમાર્ક દાગીના આવ્યા બાદ મજૂરીમાં જ ગ્રાહકો સાથે છેતરામણી થાય છે. કેટલાક શો-રૂમ્સ તમને જે એન્ટીક કે કલકત્તી વર્કના દાગીના પાંચસો-છસ્સો કે તેનાથી વધારે મજૂરીમાં વેચે છે. તેનાથી ઓછી મજૂરીમાં આ દાગીના તમને, અન્ય ઘણા શો-રૂમ્સમા આ જ ડિઝાઈનના મળતા હોય છે.

૧૦. ઘણા શો-રૂમ કે બ્રાન્ડેડ કંપનીઓ આજે બજારમાં ડિઝાઈનના નામે ગ્રાહકો પાસેથી ખૂબ ઊંચી મજૂરી મેળવવી દાગીના વેચી રહી છે. ત્યારે યાદ રાખો કે મોટાભાગની બ્રાન્ડેડ કંપનીઓ ૧૮ કેરેટમાં જ દાગીના વેચે છે. તેથી સોનામાં બ્રાન્ડેડ દાગીના લેતાં પહેલા મજૂરી અને કેરેટ અંગે જાણકારી મેળવી લેવી.

સોનામાં થતી છેતરામણી અટકાવવા માટે સરકાર છેલ્લા છ બાર મહિનાથી સમગ્ર દેશમાં હોલમાર્ક ફરજિયાત કરવાનું વિચારી રહી છે, પરંતુ કેટલાક કારણોસર તે હજુ થઈ શક્યું નથી પરંતુ તેથી ગ્રાહકોએ ફ્યૂચરમાં હોલમાર્ક વિનાના દાગીના તમને શું મુશ્કેલીમાં મૂકી શકે તે વિચારી અત્યારથી જ હોલમાર્ક દાગીના લેવાનો આગ્રહ રાખવો. ■

**જાગો ગ્રાહક જાગો** શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

# સોનાનાં આભૂષણો ખરીદતી વખ
# શું સાવધાની રાખવી



હવે લગ્નની સિઝન આવશે અને એના કારણે ઓક્ટોબરથી જાન્યુઆરી દરમિયાન સોનાના દાગીનાની ખરીદી ભારે પ્રમાણમાં થાય છે. આમ પણ સોનાનો સૌથી વધુ વપરાશ ભારતમાં જ થાય છે. ભારતીય કુટુંબોમાં લગ્ન, વિવાહ, યજ્ઞોપવીત, મૂંડન, જન્મદિન, એનીવર્સરી જેવા પ્રસંગોએ તથા દીપાવલી જેવા તહેવારોમાં સોનાના દાગીનાઓની ખરીદી ભારે પ્રમાણમાં થાય છે.

સોનાના દાગીના ખરીદતી વખતે હોશિયાર વ્યક્તિઓ પણ પૂરતી માહિતી ન હોવાને કારણે માર ખાઈ જાય છે અને પાછળથી પૈસા પડી ગયા હોવાની યા છેતરાયા હોવાનો અહેસાસ અનુભવે છે.

સોનાના દાગીના ખરીદતી વખતે નીચે જણાવેલ મુદ્દાઓ અવશ્ય ધ્યાનમાં રાખવા જોઈએ :

**(૧) હોલમાર્કવાળા સોનાના દાગીના ખરીદવાનો આગ્રહ રાખવો**

Bureau of Indian Standards (B.I.S.) દ્વારા સોનાના દાગીનાને હોલમાર્ક દ્વારા પ્રમાણિત કરવાની સિસ્ટમ અમલમાં મુકાઈ છે. દરેક જાગૃત ગ્રાહકે હોલમાર્કવાળા સોનાના દાગીના ખરીદવાનો જ આગ્રહ રાખવો જોઈએ. હોલમાર્કવાળા સોનાના દાગીના પર હોલમાર્કિંગમાં તેના સોનાની શુદ્ધતા દર્શાવતો આંક બી.આઈ.એસ.નો લોગો અને હોલમાર્કિંગ કર્યાના વર્ષનો કોડ પણ દર્શાવવામાં આવે છે. જ્વેલરી પર જણાવેલ આંક દ્વારા સોનાની શુદ્ધતાનો યાને કેરેટનો ખ્યાલ કઈ રીતે મળી શકે તે નીચે ટેબલમાં દર્શાવ્યું છે.

| આંક | કેરેટ |
|---|---|
| ૯૯૫ | ૨૪ |
| ૯૫૮ | ૨૩ |
| ૯૧૬ | ૨૨ |
| ૮૭૫ | ૨૧ |
| ૭૫૦ | ૧૮ |
| ૫૮૫ | ૧૪ |
| ૩૭૫ | ૯ |

આમ, હોલમાર્કિંગમાં જો જ્વેલરી ઉપર ૯૧૬ આંક દર્શાવેલો હોય તો સોનું ૨૨ કેરેટનું છે અને ૮૭૫ અંક દર્શાવેલો હોય તો ૨૧ કેરેટનું અને ૭૫૦ અંક દર્શાવેલો હોય તો ૧૮ કેરેટનું છે એમ સમજવું.

કેટલીકવાર હોલમાર્કવાળા સોનાના દાગીના વેચવાનું લાઇસન્સ ન ધરાવનાર જ્વેલર્સ પણ અન્ય લાઇસન્સદાર જ્વેલર્સ પાસેથી જ્વેલરી મેળવીને વેચતો હોય એવું પણ બની શકે. પરંતુ હોલમાર્કિંગવાળી જ્વેલરી વેચવાનું લાઈસન્સ ધરાવનાર જ્વેલર પાસેથી હોલમાર્કવાળી જ્વેલરી ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ.

એ જ રીતે, હોલમાર્કિંગવાળી જ્વેલરી વેચવાનું લાઇસન્સ ધરાવનાર જ્વેલર્સ પણ હોલમાર્કિંગ વગરની જ્વેલરી પણ વેચતો હોય એવું બની શકે છે. જેથી લાઇસન્સદાર જ્વેલર્સ પાસેથી ખરીદી કરતી વખતે પણ જે તે દાગીનો હોલમાર્કિંગવાળો છે તે ચકાસવું જોઈએ. હોલમાર્કિંગ ચકાસવા માટે ગ્રાહકે મેગ્નિફાઇંગ ગ્લાસ જ્વેલર્સ પાસે માંગવો જ જોઈએ.

હોલમાર્કિંગવાળા દાગીના લાઇસન્સદાર જ્વેલર્સ પાસેથી ખરીદવાનો આગ્રહ રાખવાથી ગ્રાહક ક્વોલિટી અંગે નિશ્ચિંત રહી શકે છે.

**(૨) સોનાના દાગીનામાં જડેલ આર્ટિફિશિયલ સ્ટોન**

કેટલીકવાર મીઠાઈવાળા બોક્સની સાથે મીઠાઈનું વજન કરીને મીઠાઈના ભાવે પૂંઠાનું બોક્સ વેચે છે. એ જ રીતે જ્યારે સોનાના દાગીનામાં જડેલ અમેરિકન ડાયમંડ યા અન્ય આર્ટિફિશિયલ સ્ટોનની કિંમત સોના કરતાં ઓછી હોય છે ત્યારે જ્વેલર્સ આર્ટિફિશિયલ સ્ટોનનું વજન અલગ ગણવાને બદલે ગોલ્ડ જ્વેલરીના વજન સાથે ગણી લે છે અને એ રીતે સોનાના ભાવે જ ઓછી કિંમતના આર્ટિફિશિયલ સ્ટોન પણ ગ્રાહકના માથે મરાય છે. જાગૃત ગ્રાહકે આવી જ્વેલરીમાં જડેલા સ્ટોનનું વજન અલગ ગણાવવાનો આગ્રહ રાખવો જોઈએ.

**(૩) જ્વેલર્સ દ્વારા અપાતી રિટર્ન ગેરંટી**

જ્વેલરી ખરીદ્યા બાદ ફેશનમાં, ડિઝાઈનમાં, પસંદગીમાં થતાં વખતોવખતનાં પરિવર્તનો યા અન્ય કોઈ સંજોગોને

# 12 कैरेट के सोने पर 22 के हॉलमार्क पर रखी जा रही पैनी नजर

**ानपुर | वरिष्ठ संवाददाता**

2 कैरेट सोने पर 22 कैरेट का र्जी हालमार्क लगाने के रैकेट पर ारतीय मानक ब्यूरो (बीआईएस) ी टीम की पैनी नजर है। वाराणसी धरपकड़ के बाद शहर में रखधंधा कर रहे नेटवर्क की तह क पहुंचने की कोशिश की जा रही । व्यापारी संगठन भी सराफा ्यापारियों को सतर्क कर रहे हैं। हॉल मार्किंग शिकायत कमेटी का गठन करने का फैसला लिया गया है।

बीआईएस ने हॉलमार्किंग अनिवार्य करने की मशक्कत शुरू कर दी है। इससे पहले ही फर्जी हॉलमार्क लगाने की शिकायत ब्यूरो तक पहुंच रही है। पिछले माह व्यापारियों ने खुद ही बाजार में फर्जी हॉलमार्क के गहने बेचने आए ठग को दबोचा था। माना जा रहा है कि शहर से आसपास के कस्बों में ग्राहकों के साथ छलावा हो रहा है। वाराणसी में पुलिस और बीआईएस की टीमों ने छापा मार कर चार फर्जी हॉलमार्क सेंटर्स पकड़े हैं। यहां पर भी 12 कैरेट सोना पर 22 कैरेट का हॉलमार्क मिला है। इस छापेमारी के बाद यहां के सराफा बाजार में हलचल हैं। इंडियन बुलियन ज्वैलरी एसोसिएशन के पदाधिकारी पंकज अरोड़ा का कहन है कि यह समस्या बड़ी है। कानपुर महानगर एसोसिएशन व इंडियन बुलियन एसोसिएसन ने शुद्ध सोना अभियान के तहत हॉलमार्किंग शिकायत कमेटी का गठन का फैसला किया है।

कमेटी के किसी ज्वैलर्स, आभूषण निर्माता या अन्य जिले के रिटेल ज्वैलर्स की लिखित शिकायत को गंभीरता से लेगी। यह शिकायत बीआईएस तक पहुंचाकर कार्रवाई होगी। शिकायतकर्ता की पैरवी उपभोक्ता फोरम में भी की जाएगी।



## चार प्रकार के मार्क

ग्राहकों को सही आभूषण उपलब्ध कराने को कई नियम बने हैं। आभूषणों पर चार प्रकार के मार्क लगते हैं। इसमें बीआईएस शुद्धता, जांचने वाली फर्म, विक्रेता के प्रतिष्ठान का मार्क होता है।

## 2 लाख का जुर्माना, एक साल कैद

फर्जी हॉलमार्क लगाने के मामले में कम से कम 2 लाख रुपए जुर्माना और एक साल की सजा का भी प्रावधान है। उत्तर प्रदेश सराफा कमेटी के मंत्री रामकिशोर मिश्र का कहना है कि फर्जी हॉलमार्क समस्या

अमर उजाला अपना

तापमान
45.4° अधिकतम | 25.1° न्यूनतम

• सूर्योदय सुबह 5.23
• सूर्यास्त शाम 6.28

**बुधवार का पूर्वानुमान**
दिन भर कड़ी धूप के बीच हल्की गर्म हवाएं चलेंगी। तापमान भी अधिक रहेगा। शाम को भी गर्मी महसूस होगी।

# 12 कैरेट सोने को 22 कैरेट का प्रमाण

## चार सराफा केंद्रों पर बीआईएस की छापेमारी में पकड़ी गई धांधली

अमर उजाला ब्यूरो

**वाराणसी।** फर्जी हॉलमार्क लगाने वाले चार केंद्रों पर बीआईएस (भारतीय मानक ब्यूरो) की टीमों ने एक साथ छापेमारी की। ठठेरी बाजार, रेशम कटरा, कर्णघंटा और सूड़िया स्थित इन केंद्रों पर बिना लाइसेंस के ही हॉलमार्क लगाया जा रहा था। इनसे लेजर मशीन, कंप्यूटर और साफ्टवेयर सहित हॉलमार्क लगे गहने आदि जब्त किए गए हैं।

अधिकारियों के अनुसार, 12 कैरेट सोने वाले आभूषणों को भी हॉलमार्क लगाकर 22 कैरेट का शुद्ध बताया जा रहा था। इससे उपभोक्ताओं को चूना लग रहा था। इन्हें न्यायालय में बतौर साक्ष्य पेश किया जाएगा। चंडीगढ़ स्थित बीआईएस (ब्यूरो ऑफ इंडियन स्टैंडर्ड) को शिकायत मिली कि वाराणसी के अलग-अलग क्षेत्रों में फर्जी तरीके से गहनों पर हॉलमार्क लगाया जा रहा है। इस पर कार्रवाई के लिए लखनऊ शाखा कार्यालय के अधिकारियों को निर्देश दिए गए।

महानिदेशक भारतीय मानक ब्यूरो के निर्देश पर चार टीमें बनाई गई। मंगलवार को टीम के लोग मेसर्स मां अन्नपूर्णा हॉलमार्किंग सेंटर ठठेरी बाजार, मेसर्स जय वैष्णव टंच सेंटर रेशम कटरा, मेसर्स बालाजी टंच सेंटर कर्णघंटा व मेसर्स एसएमएम हॉलमार्किंग सेंटर सूड़िया में उपभोक्ता बनकर पहुंचे और आभूषणों पर फर्जी हॉलमार्क लगाते लोगों को रंगेहाथ पकड़ लिया।



छापेमारी के लिए लखनऊ से आई बीआईएस की टीम। अमर उजाला

### बिना लाइसेंस लगा रहे थे फर्जी हॉलमार्क, चंडीगढ़ में शिकायत, लखनऊ की चार टीमों ने की कार्रवाई

सभी केंद्रों से लेजर मशीनें, कंप्यूटर, लैपटॉप, हॉलमार्क वाले साफ्टवेयर व हॉलमार्क लगाए हुए गहने भी जब्त कर लिए। केंद्रों का संचालन करने वालों की आईडी और रिकॉर्ड भी कब्जे में लिया।


इस पूरी कार्रवाई की वीडियो रिकार्डिंग भी कराई गई। कार्रवाई के दौरान चौक इंस्पेक्टर के साथ पुलिस बल भी मौजूद रहा। टीमों का नेतृत्व लखनऊ शाखा के वैज्ञानिक सी प्रभुनाथ यादव, वैज्ञानिक सी सत्येंद्र कुमार पांडेय, वैज्ञानिक सी दिव्यांशु यादव और वैज्ञानिक सी अजय मौर्या ने किया।

### यह होता है नियम

ग्राहकों तक सही आभूषण पहुंचें, इसके लिए कई नियम बनाए गए हैं। आभूषणों पर चार तरह के मार्क लगाए जाते हैं। इसमें बीआईएस, शुद्धता, शुद्धता जांचने वाली फर्म और विक्रेता के प्रतिष्ठान के मार्क शामिल हैं। फर्जी हॉलमार्क लगाने के मामले में कम से कम दो लाख जुर्माना और एक साल की सजा का प्रावधान है।

### कार्रवाई के दौरान मचा रहा हड़कंप

पूर्वांचल की सराफा मंडी काशी में है। यहां आभूषण गलाने और आकर्षक बनाने आदि का काम होता है। यहीं से विभिन्न जिलों के सराफा कारोबारी गहने ले जाते हैं। मंगलवार को अचानक हुई कार्रवाई से सराफा मंडी में हड़कंप मचा रहा। कई सराफ अपने प्रतिष्ठान के शटर गिराकर खिसक गए।


Introducing 5ct. Gold Chains
--SCRATCH TEST PASS
--ACID TEST PASS
--HALMARKING MACHINE TEST PASS (SKIN IS GOLD)
--HEAT TEST PASS
--LONG LIFE DURABLE
--100% BUY BACK GUARANTEE